શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૧
અંક : ૨

## સ્વૈચ્છિક કાર્ય

સંસ્થાઓ પોતાના પ્રોજેકટ/પ્રોગ્રામના ઉદેશ્યો પાર પાડવા માટે જેમણે સંશાધનની જરૂર જણાય તે મુજબ વ્યવસ્થાઓ ગોઠવે છે. જેમાં નાણાકીય અને ભૌતિક સંશાધનો પ્રાપ્ત થાય તે માટેની કાર્યવાહી કરવા માટે ક્ષમતાઓ બની હોય તો કાર્યને આગળ ધપાવવા જરૂર મુજબની કુશળતાવાળા માણસોની જરૂર પડે છે. જેમાં પ્રોજેકટના ફંડ અનુસાર પગારદાર માણસો રોકી શકાય કે આ પ્રકારના કાર્ય માટેની શૈક્ષણિક યોગ્યના કે અનુસાર આધારિત કૂશળતા હોય પરંતુ પ્રોજેકટ કે પ્રોગ્રામ ટીમ કયારેક સ્થાનિક પ્રશ્નો ઉકેલવા કે અમૂક પ્રકારની જટિલતાઓ સમજવામાં મૂશ્કેલી અનૂભવતા હોય છે. આવા વખતે તેમને ઉપયોગી થઈ શકે તેવા યુવાનો /વ્યવસાયીઓને સ્વૈચ્છિક રીતે કાર્ય કરવા પ્રેરવામાં આવે છે. જે પ્રકારના કાર્ય માટે જરૂર તેવા સ્વયંસેવકોને જરૂર મુજબ નામ આપી શકે ફાયનાન્સીયલ એડવાઈઝર, લોક સહાયક, વિગેરે. પ્રોજેકટ કે પ્રોગ્રામની જરૂર અનુસારની વ્યકિતઓની શોધ જે તે કાર્ય સાથે સંકળાયેલી ટીમ કરતી હોય છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ લેમ્પ પ્રોગ્રામ માટે સ્થાનિક શાળા અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથેના સંકલન કાર્ય માટે સ્થળાંતરિત પરિવારો / નાના સિમાંત ખેડૂતો/ખેતમજૂરના બાળકો કે જે શાળા માં અનિયમિત હોય છે. તેવા પરિવારોની ઓળખ તેમના સુધી પહોંચવા માટે બાળકોના શિક્ષણ માટે રૂચિ ધરાવતા વ્યકિતઓની શોધ કરી તેમને સીટીઝન એજયુકેટર તરીકે નિયુકત કરી પ્રોગ્રામ ટીમ દ્વારા તાલીમ આપવામાં આવી. જેથી કામગીરી સરળતાથી હાથ ધરી શકાય. છેલ્લા પાંચેક વર્ષથી ચાલતા કાર્યને મહદ અંશે નિરંતર બનાવી શકાયું. છેલ્લા વર્ષમાં મોટા ભાગના ગામો સુધી પ્રોગ્રામ ટીમ પહોંચી શકે તેમ ન હતી. તેમ છતાં કાર્ય ચાલતું રહયું. પ્રથમ વર્ષે એસએમસી ફેડરેશનના સભ્યોનું પણ મોટું યોગદાન રહયું. ફેડરેશનના સભ્યો પ્રોગ્રામના સ્વયંસેવક તરીકે કાર્ય કરી રહયા છે. સંસ્થામાં હાલમાં રહેલા કાર્યક્રમોમાં બીજુ ઉદાહરણ અલગ પડે છે. પણ તેમાં લક્ષિત સમૂહની સંખ્યા ૧૨૦૦૦ની આસપાસ હોવાથી ૨૫ થી ૪૦ સુધીના ગ્રૃપ બનાવવામાં આવ્યા છે. સક્રિય વ્યકિતને જૂથના આગેવાન તરીકે નિયુકિત કર્યા છે. તેઓની કામગીરી દર મહિને મીટીંગ કરવાની અને પ્રોજેકટ ટીમ દ્વારા તાલીમ યોજાય ત્યારે બધા સભ્યોની તાલીમમા હાજર રાખવાની હોય છે. પ્રોગ્રામ/પ્રોજેકટ ટીમ પોતાના કાર્યના ઉદ્દેશ અને કાર્યને સ્વયંસેવકો સાથે સારી રીતે સમજવા પ્રયાસ કરે છે. સ્વયંસેવકોનું ક્ષમતાવર્ધન કરે છે. તેઓને પોતાના ફાજલ સમયને આ કાર્યમાં ઉપયોગમાં લેવા સમજાવે છે. સ્વયંસેવકો રહે છે ત્યાં આસપાસના લોકોને તેના કાર્યથી લાભ થાય તેનો સંતોષ છે. ભવિષ્યમાં તેઓ પ્રોજેકટ ટીમનો પણ ભાગ બની શકે છે. સંસ્થાને તેના વાર્ષિક મિલન વખતે ઉપસ્થિત રહી તેના આગામી આયોજન કે રણનીતિ બનાવવા સૂચનો કરે છે.

*સંકલન : ધીરૂભાઈ વાગડીયા*

**દયા મોટામાં મોટો ધર્મ છે.**

## સરગવાની ખેતી

જો તમારી પાસે એક એકર જમીન છે તો પછી તમે નોકરી કર્યા વગર પણ સારી એવી કમાણી કરી શકો છો. આટલી જમીનમાં તમે સરગવાની ખેતી કરીને તમે વર્ષે ૬ લાખ રૂપિયા સુધીની કમાઈ શકો છો. સરગવાને અંગ્રેજીમાં ડ્રમસ્ટિક પણ કહેવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક નામ મોરિંગા ઓલીફેરા છે. તેની ખેતીમાં પાણીની વધુ જરૂર રહેતી નથી અને જાળવણી પણ ઓછી કરવી પડે છે. એગ્રોગ્રેન ફાર્મિંગના એક્સપર્ટ રાકેશસિંહ અનુસાર સરગવાની ખેતી ઘણી સરળ રહે છે. સરગવાનો દરેક ભાગ ખાવાલાયક છે. તેના પતાને પણ તમે સલાડ તરીકે ખાઈ શકો છો. સરગવાના પતા, ફૂલ અને ફલ દરેકમાં ઘણા પોષણ હોય છે. તેમાં ઔષધીય ગુણો પણ હોય છે. તેના બીમાંથી તેલ નીકળે છે.

**સરગવાની ખેતી :**

ગરમ વિસ્તારોમાં સરળતાથી તેના ફૂલ મળી રહે છે. તેને વધુ પાણીની જરૂર રહેતી નથી તેથી ઠંડા પ્રદેશોમાં તેની ખેતી પ્રોફિટેબલ નથી કારણ કે તેના ફૂલને ખિલવા માટે ૨૫ થી ૩૦ ડિગ્રી તાપમાનની જરૂર રહે છે. ચિકાશવાળી માટીમાં તે સારો ગ્રોથ કરે છે. પહેલાં વર્ષ બાદ વર્ષમાં બે વાર તેનું ઉત્પાદન થાય છે.

**જમીન :**

સરગવો સામાન્યત : દરેક જગ્યાએ થાય છે, પરંતુ રેતાળ તથા ગોરાડુ ફળદ્રુપ જમીન ખૂબ જ અનુકૂળ છે. સામાન્ય રીતે શેઢાપાળાની પડતર જમીન, મધ્યમ કાળી, બેસર પ્રકારની સારા નિતારવાળી જમીન અનુકૂળ છે. જમીનમાં સેન્દ્રિય તત્વો વધુ પ્રમાણમાં હોય તો વધુ માફક આવે છે. સરગવો નદી ઝરણાંની રેતાળ જમીનમાં પણ ઉગાડી શકાય છે.

**હવામાન :**

ગરમ અને ભેજવાળું સમશીતોષ્ણ હવામાન ખૂબ જ અનુકૂળ છે. વધુ પડતી ગરમી કે ઠંડી ઝાડની વૃદ્ધિ અને વિકાસને અવરોધે છે.

**વાવેતર :**

સરગવાનું વાવેતર બીજ તથા પાકટ મધ્યમ જાડાઈના કટકા તથા ઢાલાકાર આંખ કલમથી થાય છે.

**સુધારેલી જાતો :**

**૧. પી.કે.એમ.–૧ :** તામિલનાડુ કૃષિ યુનિ. કોઈમ્બતુર દ્વારા ભલામણ કરેલ જાત છે.

**૨. કોંકણ રૂચિરા :** કોંકણ કૃષિ વિદ્યાપીઠ દાપોલી દ્વારા તૈયાર કરેલ જાત છે.

**૩. જાફના :** આ જાતની શીંગો ૭૦ થી ૯૦ સે.મી. લંબાઈની, પોચા ગર્ભવાળી અને સ્વાદિષ્ટ હોય છે.

**૪. લોકલ :** આ ઉપરાંત રાજયમાં વિસ્તાર પ્રમાણે સ્થાનિક જાતોની ખેતી થાય છે.

**૫. ટૂકો સરગવો :** ઓડ, મહીંકાંઠાના વિસ્તાર માટે, શીંગો ભરાવદાર, જાડાઈ ધરાવતી ૩૦ થી ૪૦ સે.મી લંબાઈ હોય છે.

***મૌન સર્વોત્તમ ભાષણ છે.***

**રોપણી :**
સામાન્ય રીતે ઉનાળામાં ૪૫ સે.મી. × ૪૫ સે.મી. ૪૫ સે.મી. ના ખાડા ૬ મીટર × ૬ મીટરના અંતરે તૈયાર કરવા. તેને સારા કહોવાયેલા છાણિયા ખાતર તેમજ ઉધઈ નિયંત્રણ માટે પેરાથિયોન ડસ્ટ ૩૦ ગ્રામ ખાડા દીઠ છાણિયા ખાતર દીઠ છાણિયા ખાતર સાથે ભલામણ કરેલ રાસાયણિક ખાતર મિશ્રણ કરી ખાડા પૂરવા. ચોમાસાની શરૂઆત અગાઉ એપ્રિલ મે માસમાં તૈયાર કરેલ રોપા કે કટકા કલમને રોપી, તુરત જ પિયત આપવું. જરૂરીયાત પડે રોપાને લાકડી અગર વાંસનો ટેકો આપવો.

**રાસાયણિક ખાતર :**
રોપણી સમયે પાયામાં ખાડા દીઠ ૧૦૦ ગ્રામ ડીએપી ખાતર અને ૧૦૦ ગ્રામ પોટાશ છાણિયા ખાતર સાથે આપવું.

**પિયત :**
ચોમાસામાં વરસાદ ખેંચાય તો જરૂરત મુજબ હળવું પાણી આપવું. ફૂલ બેસતી વખતે અને શીંગોના વિકાસ સમયે ૩૦ દિવસના અંતરે પિયત આપવા.

**માવજત :**
જરૂરત મુજબ નીંદણ નિયંત્રણ કરી ખામણાને ગોડ મારવો. છોડ એકાદ મીટર ઉંચાઈના થાય ત્યારે અગ્રભાગ કાપી પુનિંગ કરવું. વધુ ઉમરવાળા ઝાડને એકાદ મીટરની ઉંચાઈએથી થડ કાપી પુનિંગ કરવું.

**પાક સંરક્ષણ :**
સામાન્ય રીતે સરગવામાં રોગ અને જીવાતનું પ્રમાણ નહિવત જોવા મળે છે. છતાં પણ આંતરપાક લઈએ ત્યારે ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ થાય છે ત્યારે ભલામણ કરેલ શોષક પ્રકારની દવાના જરૂરત મુજબ એક થી બે છંટકાવ કરવા જરૂરી છે.

**વિણી :**
સરગવામાં સુધારેલી જાતોમાં છ માસ બાદ શીંગો ઉતારવા લાયક બને છે. સરખી લંબાઈની તંદુરસ્ત, મધ્યમ જાડાઈવાળી શીંગોને અંકોડીની મદદથી ઝાડની ડાળી કે થડને નુકશાન ન થાય તેમ ઉતારી, ગ્રેડિંગ કરી યોગ્ય કદની જૂડીઓ બનાવી, કાપડ, કંપના કે પૂંઠાના બોક્ષમાં પેકીંગ કરી બજારમાં મોકલવાથી અર્થક્ષમ ભાવોમળી રહે છે. વીણી પાંચ થી સાત દિવસના અંતરે નિયમિત કરવાથી સારૂ મેળવી શકાય છે. ગુજરાતના ઘણાં પ્રગતિશીલ ખેડૂતો ખેતરના શેઢે કે પાળે સરગવાના વૃક્ષો ઉછેરી પૂરક આવક મેળવી રહયા છે અને સરગવાની ખેતીથી આર્થિક રીતે સધ્ધર બન્યાં છે. તમે પણ સરગવાની ખેતી અપનાવો અને ખેતી દ્વારા વધારે આવક મેળવો. સરગવાનો દરેક ભાગ ખાવાલાયક છે. તેનાં પત્તાને પણ તમે સલાડ તરીકે ખાઈ શકો છો. સરગવાના પત્તા, ફૂલ અને ફળ તરીકે ઘણા પોષણ હોય છે.

***સંકલન : પીનલ જસાણી***

***ન બોલાયેલા શબ્દના તમે માલિક છો. બોલાયેલા શબ્દ તમારો માલિક છે.***

## પાંચમાં સ્તરનું એસએમસી સંમેલન

અમદાવાદ ખાતે ગુજરાત વિદ્યાપીઠમાં એસએમસી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલ પાંચમાં સંમેલનમાં શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અન્ય મહાનુભાવો હાજર રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટયથી કરી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ એસએમસી સભ્યોનું સ્વાગત પણ કરવામાં આવ્યુ હતુ.

સ્વાગત વિધી પુરી થયા પછી અમેરીકન ઈન્ડિયન ફાઉન્ડેશનનાં અધિકારીએ પોતાના યોગદાનની માહિતી આપી.ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે અત્યારના સમય પ્રમાણે શિક્ષણની પદ્ધતિ બદલવી જોઈએ. સ્કુલમાં જયારે બાળ કોની હાજરી પુરવામાં આવે છે ત્યારે બાળકો યસ સર બોલે છે તેના બદલે જય હિન્દ બોલવાની ટેવ પાડવી જોઈએ. સાથેસાથે એમ પણ કહેવામાં આવ્યુ હતું કે એસએમસી સભ્યોએ અમારા હાથ, પગ, કાન અને આંખ છે. એસએમસી સભ્યોએ ગામમાં જઈને બાળકોના વાલીઓને મળવુ જોઈએ અને બાળકો ને સમજવા તથા તેમના વાલીઓને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. આ ઉપરાંત શિક્ષણના કેટલાક સારા દ્રષ્ટાંત આપી એસએમસી સભ્યો એક સારા શિક્ષક બની શકે છે તેમ પણ




**માતા બાળકની શિક્ષા, દિક્ષાઓ અને સંસ્કારની ગુરૂ છે.**

જણાવવામાં આવ્યુ હતું. ત્યારબાદ ટાટા કેમીકલ્સનાં ઓફિસર શ્રી અલ્કાનજી હાજર હતાં તેમણે પણ એસએમસી સભ્યો વિશે કહયું કે અત્યારે એસએમસી કાર્યરત છે. અને તેમણે પણ પોતાનું યોગદાન આપ્યું અને કાર્યની છણાવટ કરી અને કહયું કે બધાને સાથે મળીને કાર્ય કરવાનું છે.
ત્યારબાદ ઉપસ્થિત તમામ એસએમસી સભ્યોના બે ગ્રુપ પાડી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અને અન્ય એસએમસી સભ્યોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. ત્યારબાદ સૌએ સાથે ભોજન લીધુ હતું. ત્યારબાદ અમરેલી ટીમ દ્વારા બે સુંદર સ્ક્રીપ્ટો રજુ કરવામાં આવી હતી. અને સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા સેન્ટરના એસએમસી સભ્યો દ્વારા એક સુંદર સ્ક્રીપ્ટ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં અમરેલીની ટીમ દ્વારા શિક્ષણ જીવનમાં જરૂરી થીમ પર એક સુંદર માઈમ રજુ કરવામાં આવ્યું હતું. અને સૌ છુટા પડયા હતા. કાર્યક્રમમાં પ્રદર્શન પણ ગોઠવામાં આવ્યું હતું જેનો લાભ પણ સૌએ લીધો હતો.
છેલ્લે આભાર વિધી શ્રી ભટ્ટભાઈએ કરી, બધાનો આભાર માનીને એસએમસી સભ્યોને અભિનંદન!! સાથે આભાર માન્યો અને પછી ચા–પાણી પીઈને બધા છૂટા પડયા.
જય હિન્દ! જય ભારત!




**કલમ તલવારથી પણ વધુ તાકતવર હોય છે.**

## ખેત તલાવડી

ભારતએ કૃષિ પ્રધાન દેશ છે. પરંતુ મોટા ભાગની ખેતી વરસાદ આધારિત હોવાથી ફક્ત વરસાદની ઋતુમા જ પાક લઈ શકીએ છીએ. બીજી ઋતુમાં પાક લેવા માટે વરસાદનાં પાણીનો સંગ્રહ કરવો જરૂરી બન્યો છે. પાણીના સંગ્રહ કરવા નાના એકમ તરીકે ખેતતલાવડી આજે ઉપયોગી બની છે. ખેડુતને પોતાના ખેતરમાં વરસાદ દરમીયાન પાણી વહી જાય છે એમને રોકવા માટેનું એક સાધન છે જયાંથી ખેતરમાં વરસાદ દરમિયાન પાણી બહાર નીકળે છે ત્ત્યાં સામાન્ય રીતે ખેતતલાવડી બનાવવામા આવે છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ખેડુતોને સીએસપીસી સહકારથી ૨૦૧૭–૧૮ માં ૩૭ ખેતતલાવડી ખેડુતોના ખેતરમાં બનાવવામાં આવી. જેમાં ૫૦% ફાળો સીએસપીસી તથા ૫૦% ખેડુતોનો ફાળો રહયો હતો આ જેમાં ખેડુતો તેમના દ્વારા થયેલા ફાયદા જણાવતા કહે છે. કે આ વર્ષ દરમિયાન એકસાથે વરસાદ પડયો પરંતુ ખેતતલાવડી બનાવી હોવાથી ખેતરમાંથી થતુ ખેતરનું ધોવાણ અટક્યુ છે. ઉપરાંત બીજા પશુ પક્ષીઓ આ ખેતતલાવડીમાં પાણી પીવા આવતા હોવાથી તે ઈયળો અને બીજા જીવજંતુ ખાય જાય છે તેથી મારા ખેતરમાં ઈયળોનો ત્રાસ નહીવત હતો પાણીનું રિચાર્જ થવાથી આજુબાજુના કુવામાંથી વધારે સમય સુધી પાણી મળી રહયુ. જયારે પાણીની પાકને જરૂર હતી પરંતુ વરસાદ થયો ન હતો ત્યારે ખેત તલાવડીમાંથી પાણીનુ પિયત કરતાં પાકને બચાવી શકયા.



***મારાથી કંઈ ભૂલ થાય નહી એવું કહેવાળા જ ભૂલ કરે છે.***

## બાબરા તાલુકાના નાનીકુંડળ ગામની પ્રાથમિક શાળામાં એસ.એમ.સીની તાલીમ યોજાય

બાબરા તાલુકાના નાનીકુંડળ ગામની પ્રાથમિક શાળામાં એસ.એમ.સી. ની તાલીમ યોજાય હતી બાબરા તાલુકાના નાનીકુંડળ ગામે શાળાના સંચાલકો શાળા વ્યવસ્થાપન સમિતીની તાલીમ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા યોજવામાં આવી જેમાં LAMP ના કાર્યકર તરીકે વાઘેલા ગોરધનસાહેબ અને ફેડરેશનના સભ્ય હીરલબેને હાજરી આપી હતી. આ તાલીમમમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીને શાળામાં અભ્યાસ કરતા થાય, રેગ્યુલર શાળાએ જાય તેમજ કોઈ પણ બાળક શાળા બહાર ન રહે તેની કાળજી રાખવી જોઈએ. હાલની શાળા વ્યવસ્થાપન સમિતીની ગ્રામ સભા દ્વારા બનેલી છે. તેથી તેમને સક્રિય રહેવુ પડશે, શાળામાં લેવામાં આવતી એકમ કસોટી દર શનિવારે લેવામાં આવે છે જેથી બાળકોનું મુલ્યાંકન થાય તેમાં દરેક વાલીઓ જાગૃત રહેવું જોઈએ.







**જે જાગશે તે મેળવશે, જે ઉંઘશે તે ગુમાવશે.**

## Happy Birthday

| | |
|---|---|
| Mehul Vaghela | 05.03.1998 |
| Jaysukh Sarvaiya | 06.03.1997 |
| Mehul Pandya | 07.03.1990 |
| Dhruvi Bhanderi | 13.03.1999 |
| Kajal Zala | 17.03.1997 |

## In this month

| | |
|---|---|
| 1 | 5th State Level Convention of SMCs |
| 18 | Sorath PIMC meeting at Dhokadva |
| 23 | Visit of DDM NABARD |
| 25 | Sorath Borad of Directors meeting at Dhokadva |

પતિ–પત્ની બંને જમતા હતા,
જમવાનું પુરૂ થયુ એટલે પતિ ઊભો થયો અને પોતાની થાળી ધોઈ નાખી,
તેની પત્નીએ તેના તરફ ગુસ્સામાં જોઈને બોલી, 'કાઢી નાખીને ઈજ્જત???
આપણે ઘરે નથી, હોટલમાં છીએ...

***પ્રિય વાચક મિત્રો,***

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**નિંદા કરવી અને સાંભળવી એ પાપ છે.**